શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

ટપુક

વર્ષ : ૧૭
અંક : ૫

સામાન્ય સભા

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૧૪/૬/૧૫ ના રોજ ૧૪ કલાકે નીચે દર્શાવેલ કાર્યસુચિ મુજબના કામકાજ માટે ૨૬, ઓમનગર(૩), હનુમાનપરા રોડ, ગોકુલ ગાર્ડન સામે, અમરેલી ખાતે મળશે તો તમામ સામાન્ય સભ્યોએ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

કાર્યસૂચિ

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ મંજુર કરવા બાબત.
૨. ગત વર્ષનો હિસાબ, અંદાજપત્ર તથા વાર્ષિક અહેવાલની મંજુરી બાબત..
૩. અન્ય સમિતીઓમાં થયેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.
૪. સંસ્થાની પોલીસી (નીતિ) તથા બંધારણમાં ફેરફાર બાબત
૫. આગામી કારોબારી સમિતીની રચના
૬. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે.

સહી – પુષ્પા ગોહીલ
મંત્રી

તા. ૩૧/૦૫/૨૦૧૫

ખાસ નોંધ:

સામાન્ય સભામાં કોઈ સભ્યએ પ્રસ્તાવ, પ્રશ્ન કે ઠરાવ મુકવા હોય તો બેઠકના ચાર દિવસ અગાઉ કાર્યાલયે પહોચાડવા.

વાર્ષિક સંમેલન

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું છત્રીસ મું વાર્ષિક સંમેલન તા.૧૪/૬/૧૫ ના રોજ સવારના ૧૦–૦૦ કલાકે સંસ્થાના અમરેલી કાર્યાલય પર રાખવામા આવેલ છે.

સંસ્થા સાથે જોડાયેલ તમામ સંસ્થાઓ, સંસ્થાના સાથી મિત્રો, ભુતપુર્વ તથા હાલના સ્ટાફગણ, સંસ્થાના સભાસદો, શુભેચ્છકો સૌને આ સંમેલનમાં ભાગ લેવા નિમંત્રણ છે. સંમેલનમાં આપના પ્રતિભાવો / ઉપયોગી સૂચનો તથા માર્ગદર્શન મળી રહે તે આ સંમેલનનો મુખ્ય ઉદેશ છે. આ રીતે લગાતાર દર વર્ષે સંસ્થાની ટીમને આપના તરફથી જે હુંફ અને સહકાર મળી રહે છે તેનાથી લક્ષિત સમૂહની તકલીફો સમજવામાં તથા આ સમૂહને તેના ઉકેલની દિશામાં લઈ જવામાં ખૂબજ સરળતા બની છે. તો આપની ઉપસ્થિતી અંગે જાણ કરવા વિનંતી છે.

સંસ્કાર વિનાનું અક્ષરજ્ઞાન, તે સુવાસ વિનાના ફુલ જેવું છે.

સાધારણ સભા

અમરેલી જીલ્લા મહિલા ઔધોગિક સહકારી મંડળી લી. અમરેલીની વાર્ષિક સાધારણ સભા તારીખ ૧૪/૬/૧૫ ના રોજ ૧૬ કલાકે રાખવામાં આવેલ છે.

નીચે દર્શાવેલ કાર્યસુચિ મુજબના કામકાજ માટે હરિરાજ, ૨૬, ઓમનગર(૩), જીઆઈડીસી પાછળ, હનુમાનપરા રોડ, ગોકુલ પાર્ક સામે, અમરેલી ખાતે મળશે તો તમામ સામાન્ય સભ્યોએ અચુક ઉપસ્થિત રહેવા વિનંતી છે.

કાર્યસૂચિ

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ બહાલી આપવા બાબત.
૨. વર્ષ ૨૦૧૪–૧૫ના વાર્ષિક હિસાબ, અંદાજપત્ર, આયોજન તથા વાર્ષિક અહેવાલની મંજુરી બાબત.
૩. વ્યવસ્થાપક કમિટીમાં થયેલ કાર્યવાહીને બહાલી આપવા બાબત.
૪. આગામી વ્યવસ્થાપક કમિટીની રચના
૫. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે

સહી : વી. વી. કુકવાવ
તા. ૩૧/૦૫/૨૦૧૫ મંત્રી

ખાસ નોંધઃ

સામાન્ય સભામાં કોઈ સભ્યએ પ્રસ્તાવ, પ્રશ્ન કે ઠરાવ મુકવા હોય તો બેઠકના ચાર દિવસ અગાઉ કાર્યાલયે પહોચાડવા.

બાલગીત

ભારત માતાનાં સંતાન અમે સૌ,
ભારત માતાનાં સંતાન.
સાથે ભણશું સાથે રમશું કરશું સારા કામ
અમે સૌ ભારત માતાનાં સંતાન
ઉંચનીચનાં નહી ભેદ કરીશું આપસમે પ્રેમ,
ગુરુની આજ્ઞા રીશે ઘરશું લઈ આશિષ સંગાથ
અમે સૌ ભારત માતાનાં સંતાન
આજનાં બાળક બનીશું મોટા કરશું સઘળા કામ
બતાવી દેશું દુનિયામાં અમે કરશું એવા કામ
અમે સૌ ભારત માતાનાં સંતાન
સર્વે શિક્ષા અભિયાન એ શિક્ષણનો અધિકાર
સમજાવીશું સર્વે જનને કરશું એવો પડકાર
અમે સૌ ભારત માતાનાં સંતાન
વંદન કરશુ મા ભોમને રાખજે અમારી લાજ
માતા સરસ્વતીએ પહેરયો છે એવો અમને સાજ
અમે સૌ ભારત માતાનાં સંતાન

– હંસરાજભાઈ પેથાણી, ત્રંબોડા

રમુજ એક થેરપી

ચંદુ ઓફિસે જવા નીકળયો. એની મમ્મીએ કહયું : બેટા, ચા પીવી છે?
ના મમ્મી! ચા પીને ઓફિસે જવાનુ મને ગમતુ નથી.
કેમ બેટા?
કારણ કે ચા પીધા પછી મને ઉંઘ નથી આવતી....!!

નમ્રતા વગરનો માણસ પાણી વગરની નદી જેવો છે.

આ મહિનામાં...

આ માસમાં સંસ્થાની ટીમ કૃષિ ઉપજ પ્રોત્સાહન તથા બાળકોના શિક્ષણ કાર્ય સાથે જોડાયેલ રહી. જેમાં ઉના જાફરાબાદના વિસ્તારોમાં વધુ ખેડૂતો આ કાર્યક્રમ સાથે જોડાય તે માટે તેમજ પાંચ ગામમાં ધોરણ ૩–૪–૫ના વિદ્યાર્થીઓને લર્નીંગ એન્રીચમેંટના દસ વર્ગો માટે બેઈઝ લાઈન સર્વે કરવામાં આવ્યો હતો. તા. ૫ થી ૭ દરમ્યાન બીસીઆઈ કાર્યક્રમ માટે આઈપી તાલીમ યોજાઈ જેમાં પીયુ મેનેજર જોડાયા હતા. તા. ૨૩ ના રોજ બીસીઆઈ સ્ટાફની તાલીમ યોજાઈ જેમાં કોટન કનેકટ તથા સીએસપીસીના વિષય નિષણાંતોએ અમરેલી કાર્યાલય પર તાલીમ યોજી હતી. અવિરત કંપની દ્વારા આ વખતે કેરી તથા અન્ય કોમોડીટીઝની ખરીદી માટે પ્રક્રિયાઓ હાથ ધરાઈ તેમાં સંસ્થાની ટીમ સહયોગમાં રહી હતી. હરિરાજ સંસ્થાના પર્યાવરણના કાર્યમાં રચાયેલ બાયોડાયવર્સીટી મેનેજમેંટ કમિટીના બેંકમાં ખાતા ખોલાવવાનું કાર્ય હાથ ધરાયું જેમાં દસ પૈકી બાકી તમામ સમિતીઓના ખાતા શરૂ કરવામાં આવ્યા. ભાડા તથા રોહીસા ગામના પીપલ્સ બાયોડાયવર્સીટી રજીસ્ટરો બનાવવાની કામગીરી પુર્ણ કરવામાં આવી. તા.૨૨ ના રોજ વિકસત ખાતે યોજાયેલ બાયોડાયવર્સીટી કાર્યશાળામાં સંસ્થાના બે કાર્યકરોએ જોડાઈને માર્ગદર્શન મેળવ્યુ હતુ.

વિજ્ઞાનને લગતા સાધનો

એડીફોન : બહેરા માણસો માટે મદદ કરે છે.
ઓપ્ટોફોન : આંધળો માણસ છાપેલુ પુસ્તક વાંચી શકે.
માઈક્રોફોન : વીજળીની મદદથી અવાજને મોટો બનાવે છે.
હાઈગ્રોફોન : પાણીની અંદર અવાજનો વેગ માપે છે.
ગ્રામોફોન : રેકર્ડ પરથી અસલ અવાજ ઉત્પન્ન કરે છે.
ડીકટોફોન : કાગળો લખવાનું ગ્રામોફોનની જેમ કામ કરતું સાધન.
એમીટર : વિદ્યુતપ્રવાહનું બળ માપે છે.
ટ્રાન્સમીટર : રેડીયોના વીજળીક મોજા મોકલે છે.
થર્મોમીટર : તાપમાન માપવાનું સાધન.
માઈલોમીટર : વાહને કાપેલ અંતર દર્શાવે છે.
વોલ્ટામીટર : વિદ્યુતનુ પૃથક્કરણ કરે છે.
સ્પીડોમીટર : વાહનની ગતિનો વેગ દર્શાવે.
હાઈગ્રોમીટર : હવામાં રહેલ ભેજ માપે છે.
હાઈડ્રોમીટર : પ્રવાહીની વિશિષ્ટ ઘનતા માપે છે.
મેગ્નોમીટર : ચુંબકીય ક્ષેત્રમાપક સાધન
ઓપ્ટોમીટર : દ્રષ્ટિ ક્ષમતામાપક સાધન
પર્યઝોમીટર : સંઘહતા માપક સાધન

આશા એક શમણાં જેવી છે, જે ભાગ્ય જ ફળે છે.

શિક્ષણ સંવર્ધન કાર્ય

આ વર્ષે બાબરા તાલુકાના ૫ ગામોમાં શિક્ષણ સંવર્ધનના વર્ગો શરૂ કરવાનો અંદાજ છે. તેમજ ગત વર્ષની માફક ૪૫ ગામોમાં શાળા શાસન વ્યવસ્થા પર હજુ પણ વધુ મજબુતીની જરૂર જણાઈ આવી છે. દરેક ગામોમાં શાળા વ્યવસ્થાપન સમિતીઓના સભ્યોમાં તાલીમો મીટીંગોથી સક્રિયતા વધી, તાલુકા કક્ષાનું સંગઠન બન્યુ.

બાળકોની શીખવાની બાબતો પર ખુબજ બારીકીથી સંસ્થાની ટીમના સભ્યો નજર રાખી રહયા છે જેમાં ગત વર્ષમાં ૧૦ શિક્ષકોએ ખૂબજ મહેનત કરી પસંદ થયેલા બાળકો અને તેમના વાલીઓના નિયમિત સંપર્કમાં રહી બાળકોની ભણવા તરફની રૂચિ બનાવી હતી. આ વર્ગોના તમામ વિદ્યાર્થીઓએ વેકેશનમાં પણ વર્ગો ચાલે તો વર્ગોમાં આવવા તૈયારી દર્શાવી. આ શિક્ષણ સંવર્ધન કાર્યક્રમમાં લેવલ – ૧ નો જ અભ્યાસ પુર્ણ થઈ શકયો હતો લેવલ – ૨ માટે સમય પુરતો હતો નહી જેથી ચાલુ વર્ષમાં બંને લેવલના અભ્યાસક્રમો પુર્ણ કરવા આયોજન કરવામાં આવેલ છે.

એપ્રિલ અને મે માસમાં પરીક્ષા અને વેકેશનનો સમયગાળો હોવા છતાં આ તાલુકાના ૫૭ પૈકી ૪૫ ગામો સાથે સંપર્ક હોવાથી બાકી રહેલા ૧૨ ગામોની કાર્યકરોએ મુલાકાત કરીને તેની માહિતી મેળવી. જેમાં સ્થળાંતરીત પરિવારોને મળી તેમના બાળકોના અભ્યાસની સ્થિતિ જાણી હતી. પરંતુ આ વર્ષ હજુ વધુ ગામો આવરી લઈ શકાય તેવુ આયોજન સંશાધનોની મર્યાદાને લઈ થઈ શકેલ નથી. પરંતુ શકય તેટલા અંશે જોડવાનો પ્રયાસ કરી શકાય તેમ કાર્યકરોએ તેમની ચર્ચામાં સ્વીકારેલ છે.

જે ૫ ગામોમાં શિક્ષણ સંવર્ધનના વર્ગો શરુ કરવાના છે ત્યાં એજયુકેશનલ ફેસીલીટેટર્સ (શિક્ષકો)ની પસંદગીની પ્રક્રિયા હાથ ધરી જેમાં જે તે ગામમાં શાળા વ્યવસ્થાપન સમિતી સાથે ચર્ચા થતા તેઓએ બાળકોની સંખ્યાને ધ્યાનમાં લઈ તેનો વર્ગ શરૂ કરી શકાય કે કેમ તેની શકયતાઓ તપાસી બેઈઝલાઈન કરવા તથા વર્ગસંચાલન માટે ગામના જ કોઈ યુવાનને પસંદગી અંગેની પ્રક્રિયા સમિતી દ્વારા કરવા નિર્ણય કર્યો હતો. સમિતીએ ગામમાં જાહેર સ્થળોએ તે અંગેની જાહેરાત પ્રસિધ્ધ કરી અને અરજી આપવાની તથા લેખિત કસોટી અને મૌખિક ઈન્ટર્વ્યુ તારીખો નકકી કરી હતી. આ કાર્યક્રમના પ્રોગ્રામ કો–ઓર્ડીનેટરએ ઈન્ટર્વ્યુ તથા લેખિત પરીક્ષા માટે પેપર તૈયાર કરવામાં મદદ કરી હતી. વેકેશનનો સમય હોવા છતાં ધો. ૩, ૪ અને ૫ ના તમામ વિદ્યાર્થીઓની લેખિત કસોટી તેમના ઘેર જઈને લેવાની શરૂઆત કરી. શિક્ષણ સંવર્ધનના આ વર્ગો શરૂ કરવા માટેના આ બેઈઝલાઈન માટે આ કાર્યક્રમની પુરી ટીમ તથા નવનિયુકત

એજયુકેશનલ ફેસીલીટેટર્સ સાથે રહી રણનીતિ તૈયાર કરી હતી. બેઈઝ લાઈન આ માસના અંત સુધીમાં પુર્ણ થાય એટલે જે તે ગામમાં ૬૦ બાળ કો અબીસીડી જુથ પ્રમાણે પસંદ કરીને ૩૦ બાળકો સવારે અને ૩૦ બાળકો સાંજે જુથમાં બેસી બંને લેવલના અભ્યાસક્રમમાં જોડાશે. તે પહેલા જુનના પ્રથમ અઠવાડીયામાં ૫ દિવસની આ એજયુકેશનલ ફેસીલીટેટર્સની નિવાસી તાલીમ યોજવામાં આવશે.

આ વર્ષના આયોજનમાં ઈનોવેટીવ પ્રયાસો સાથે સંકળાયેલ સરકારશ્રીની શાળાના શિક્ષકો તથા શિક્ષણ સંવર્ધનના એજયુકેશનલ ફેસીલીટેટર અને પ્રોજેકટ ટીમ સાથે કાર્યશાળા રાખવામાં આવી છે.

આપણે સતત અવનવા પ્રયાસો કરીએ અને બાળકદીઠ જે ખર્ચ કરીએ છીએ તેના પરિણામ સ્વરૂપ શિક્ષણમાં બાળકોનું ઉમર મુજબનું જે સરાસરી સ્તર હોવુ જોઈએ તે જાણવાના પ્રયાસમાં લર્નીંગ ઓડીટના મુદાને સમાવ્યો છે જેનાથી બાળકોની શીખવાની પ્રક્રિયા અને સ્ટેજ જાણી શકાશે.

શાળા વ્યવસ્થાપન સમિતીના સભ્યોએ એક તાલુકા કક્ષાના જે ફેડરેશનની ગત વર્ષમાં રચના થઈ છે તેમની પણ મીટીંગોમાં બાળકોની અનિયમિતતા તથા સ્થળાંતરના મુદ્દે ચર્ચા થાય અને આ મુદાઓને ઉકેલની દિશા તરફ લઈ જવામાં તે મદદરુપ થશે.

એક પ્રસંગ

આઝાદી બાદ છેલ્લા ઘણાં વર્ષોથી શિક્ષણ પ્રત્યે જાગૃત થયો છે. અનેક નીતનવા પ્રયોગો, અનેક મુલાકાતો/પર્યટનો, પ્રવચનો તેમજ મલ્ટી મીડીયા દ્વારા બાળકો સમજી શકે તેવા કાર્યક્રમો થાય છે. શિક્ષણ અને સમાજ કલ્યાણ સંસ્થાના કાર્યકરો ઘણી વખત શાળાની મુલાકાતે આવે છે. આંગણવાડી કાર્યકરો, શાળા વ્યવસ્થાપન સમિતીના સભ્યો, બાલવાડી વિગેરેની મુલાકાત લઈ બાળકો અને તેમના વાલીઓને મળી ઉમર મુજબ બાળક કયા તબક્કે હોય તે માટે ચર્ચા કરે છે અને જરુરી ઉપાયો યોજે છે.

હું મારા અનુભવની વાત કરુ તો ભીલડી પ્રાથમિક શાળામાં વિવિધ પ્રોજેકટોની મલ્ટી મીડીયા દ્વારા પ્રવૃતિઓ નિહાળી છે. બાળકો દરેક કાર્યો એકબીજાની મદદથી કરતા હતા. દોડની સ્પર્ધામાં જેવી વ્હીસલ વાગી કે બધા સાથે મળીને એક બાળકને સાથે લઈ ઉંચકીને દોડયા અને ધીમે ધીમે દોડીને સાથે પહોંચ્યાં. મને નવાઈ લાગી, પુછયુ તો બાળકોએ કહયું કે, "તેને પગે તકલીફ છે એટલે અમે તેને સાથે જ રાખીએ છીએ. તેને ઝડપથી દોડી ન શકવા છતા પણ રમતમાં ભાગ પણ લેવો હતો માટે આમ કર્યુ." આ નાનકડો પ્રસંગ ઘણું શીખવી ગયો. સમાજનું હિત એ દ્રષ્ટાંત નજરે જોયુ.

– પ્રદ્યુનભાઈ સરવૈયા,
આચાર્ય, ભીલડી પ્રાથમિક શાળા

દુર્જનની સોબતથી સદાચાર નાશ પામે છે.

મારી વાત

ખેડુત : ગજેરા મગનભાઈ જીવરાજભાઈ
મો.નં : ૯૬૦૧૦૦૮૯૬૦

શ્રી મગનભાઈ જીવરાજભાઈ ગજેરા (ઉ.વ.૬૫, નાના સમઢીયાળા તા. ઉના, જી. ગીર સોમનાથ) જણાવે છે કે મારા ઘરમાં કુલ ૮ સભ્યો છે. બાપ દાદાઓથી પરંપરાગત ખેતી અમારો ધંધો છે. કુટુંબના ૩ સભ્યો ખેતી સાથે સંકળાયેલા છે. આમતો ખેતીનો વ્યવસાય વરસાદ પર આધારીત છે. પરંતુ પાણીનો સંગ્રહ તથા રીચાર્જીંગથી ભુતળ માં પાણીના સ્તરને જાળવી રાખવાથી કુવા કે બોર દ્વારા પુરતુ પાણી મળી રહે છે. આ રીતે ખર્ચ વધારે થતો હોવા છતા પણ ખેતી કરવી પડે તેમ છે.

મારી પાસે ૬ એકર કપાસ ઉત્પાદન કરી શકે તેવી જમીન છે. જે નાંદરખ રોડ ઉપર આવેલ છે. તેમાં હું આંતર પાકમાં તુવેર, જુવાર, કઠોળ વગેરે પાક લઉ છું. આ ઉપરાંત કપાસના વાવેતર ઉપરાંત મગફળીનો પાક સાથે લઉ છું.

આ ગત વર્ષ દરમ્યાન ૨૦૧૩ માં મલ્લીકા બી.ટી કપાસ બીયારણની વાવણી કરી હતી. વાવણી બાદ રાસાયણીક ખાતર ૨૫ થી ૩૦ દિવસપછી આપ્યુ. આ ઉપરાંત જંતુનાશક દવાનો છંટકાવ રોગનું નિદાન વગેરે કર્યા હતા. કપાસના બીયારણની પસંદગી હું મારી જાતે કરુ છુ.

૬ એકરની ખેતીમાં ૨૬ કવીન્ટલ જેવુ ઉત્પાદન થયુ. ગયા વર્ષ કપાસ રૂા. ૪૮૦૦/– પર કવીન્ટલના ભાવે વેચ્યો. મારી કુલ કપાસની ખેતી નો ખર્ચ રૂા. ૬૭૫૦૦ ની આસપાસ થયો હતો. અને ઉત્પાદન રૂા. ૧૨૪૮૦૦/ રૂપિયા જેટલુ થયુ અને તેમાથી ફાયદો રૂા. ૫૭૩૦૦ નો થયો.

અમારા ગામમાં આ વર્ષ ૨૦૧૪માં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના માધ્યમથી ટકાઉ કપાસ ઉત્પાદન અંગે ખેતી વિષયક માર્ગદર્શન માટે આ સંસ્થાના સભ્યોની મુલાકાતો શરુ થઈ. જેમાં ખેતી ખર્ચ વધે નહી તેની કાળજી રાખવા માટે ખર્ચના હિસાબો રાખવાનું શરુ કરાવ્યુ. ઉત્પાદન ઘટે નહી તે માટેની ખેતી માવજત, ગુણવતાવાળા બીયારણની પસંદગી, વાવણી વખતે અંતર, ખાતરનું વ્યવસ્થાપન, રોગ નિયંત્રણ, કપાસ એકત્રીકરણ વગેરે જેવા માર્ગદર્શન મળવાના શરુ થયા.

અમારા ગામમાં ટકાઉ કપાસ ઉત્પાદન કાર્યક્રમ આવ્યા બાદ અહીયા દર મહિને ખેડૂતોની મીટીંગ તેમજ તાલીમ કરવામાં આવે છે. જેના દ્વારા ખેડુત મિત્રોને સારી એવી ખેતી પધ્ધતિ વિશે માહિતી પ્રાપ્ત થાય છે.

આ ઉપરાંત મહત્વની વાત તો એ છે કે,

૧. બાળકો પાસે ખેતી કામ ન કરાવવું તેમની ઉમર પ્રમાણે તેઓ ભણવાના કે રમવાના સ્થળે જોવા મળવા જોઈએ નહી કે ખેતરમાં.

૨. ગર્ભવતી મહિલા કે બીમાર વ્યકિતઓને દવા છંટકાવ કરવા ન દેવો.

૩. પુરુષ અને મહિલાની બંનેની દૈનિક મજુરી

સરખી હોવી જોઈએ.

૫. હેલ્થ સીકયુરીટી સેફટી અને એન્વાયરમેન્ટ વિશે જાણકારી.

ઉપરોકત બાબતોની આ રીતે કાળજી લેવી જરુરી છે તેવી આજ સુધી અમને ખબર જ ન હતી તે આ કાર્યક્રમથી દ્વારા જાણવા મળ્યુ. ખેડુત ડાયરી દ્વારા થયેલ ખર્ચ અને ઉત્પાદન જાણી શકયા. ખેતીની આ માવજતથી ખેતી ખર્ચ ઘટયો અને પાકમાં વૃધ્ધિ થઈ.

અમારા ગામના ખેડુત મિત્રોએ ૪૦ ની સંખ્યામાં ભેગા મળી જુથમાં પ્રવૃતિઓ શરુ કરી આવા ૩ લર્નીગ ગૃપ બન્યા છે. તેઓની નિયમિત તાલીમ તેમજ મીટીગો થઈ રહી છે. નાના સમઢીયાળા ગામની પ્રાથમિક શાળામાં બાળકોનાં ઘણાં કાર્યક્રમો યોજાયા જેમાં બાળકોના ભણવાના અધિકારો અને બાળમજુરીથી તનામાં થતી અસરો પર વાર્તાલાપ યોજાયા હતા. મોડયુલ ૧ તથા ૨ ની તાલીમો તેમજ સેન્દ્રીય ખાતર, વર્મીકમ્પોસ્ટ ખાતર, પંચગવ્ય પુસ્તીકા જેવુ પ્રચાર સાહિત્ય ખેડૂતોને અપાતા તેમાથી મળેલ માહિતીના આધારે ખેતી પ્રયોગોમાં ખુબજ શીખવા મળ્યુ હતુ. અમુક ખેડૂતોની જમીનમાંથી માટીના નમુના લઈ તેની ચકાસણી કરવામાં આવી. વેબસાઈટ પરથી સોઈલ હેલ્થ કાર્ડની વિગતો જોઈ તેની સાથે સરખામણી કરી ખૂટતા તત્વોની જાણકારી ખેડૂતોને મળવામાં આ કાર્યક્રમ ઉપયોગી થયો. યલોસ્ટીકી દ્વારા જીવાત પર નિયંત્રણ પ્રાપ્તિ, લીબોળી નાં તેલ નો છંટકાવથી તેમજ આંતરપાકથી થતા ફાયદા જોવા મળ્યા. રાસાયણિક દવાના ઓછા ઉપયોગથી ખર્ચ ઘટયો. તેમજ ૩ ખેડૂતોએ પાક નિદર્શનો કર્યા અને જુથ દીઠ એક કન્ટ્રોલ ફાર્મર્સની વિગતોની તુલના કરી હતી.

આ તમામ કામગીરી દ્વારા હાલમાં મારા ખેતરમાં ૧ એકરમાં લીબોળીનું તેલ તેમજ યલોસ્ટીકી લગાડવાથી જીવાતને પારખી સારુ એવુ પરિણામ જોવા મળ્યુ તે ઊપર થી જે આડેધડ દવાનો છંટકાવ કરતા હતા તે હવે સરળ બન્યુ જીવાત પારખી એ મુજબ દવાનો છંટકાવ કર્યો. ટકાઉ કપાસ પુસ્તીકા દ્વારા ખેતરમા આવેલ ચુસીયા પ્રકારની જીવાત તેમજ મિલસબગ નિંયત્રણ માટે જે પગલા લેવામાં આવ્યા છે. જે ભલામણ કરવામા આવી તેનાથી ઘણો ફાયદો જોવા મળ્યો છે.

ખેડુતોની ખેડુત પોથી દ્વારા તેમાં તમામ ખર્ચા લખવામાં આવે છે. ઓછા ખર્ચે વધુ ઉત્પાદન પોષણ કડીમાં વિક્ષેપ પાડયા વગર પર્યાવરણના સંતુલન સાથે મેળવી શકાય તે જાણવા મળ્યુ.

મે બીજા ખેડુત મીત્રોને આ પધ્ધતી અપનાવવાથી ફાયદા જણાવ્યા છે. જે દ્વારા આર્થિક સ્થિતીમાં સુધારો તેમજ ઉતમ ગુણવતા વાળા કપાસનું નિર્માણ થશે. આમ, એટલુ જ કહેવા માગુ છુ કે ટકાઉ કપાસ ઉત્પાદન પ્રોગ્રામ દ્વારા ખેડુત વર્ગને ફાયદા કારક આ વર્ષ નિવડશે એવી શુભેચ્છાઓ.

સમયની પહેલાં અને તકદીરમાં હોય તેથી વધુ કે ઓછું મળતું નથી.

જન્મ દિવસની શુભકામનાઓ

1	ભરત મહેતા	01.06.1967
2	મંજુબેન મકવાણા	01.06.1973
3	મોબતસંગ સોલંકી	01.06.1976
4	મુળજીભાઈ બગડા	01.06.1969
5	પુરીબેન ઝાલા	01.06.1991
6	રાયસીગ ડોડીયા	01.06.1968
7	રેખાબેન ધડુક	01.06.1970
8	સુરેશ ગોહીલ	01.06.1962
9	સાજીત રાઠોડ	01.06.1987
10	વિજયાબેન કુંકવાવ	01.06.1962
11	પ્રવિણ ડુંગરીયા	01.06.1986
12	નવલિકા પટોળીયા	02.06.1991
13	અશોક શેલાર	05.06.1975
14	ભરત રાઠોડ	06.06.1985
15	દર્શન વ્યાસ	14.06.1985
16	દિપક કાપડીયા	16.06.1979

પ્રિય વાચક મિત્રો,

ટપક માટે આપ સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. તેથી અન્ય લોકો તે વિશે માહિતગાર થશે.

– ટપક ટીમ

માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2015-17
Valid Upto 31/12/2017

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

દરેક ઉમદા કાર્ય શરૂઆતમાં અશકય જ લાગતાં હોય છે.